Chapter-1

# પ્રકરણ - ૧

## મેઘાણીજીના : લોકસાહિત્યના અનુસંધાનોમાં

© શ્રી ક્રિશ્ના પ્રિન્ટરી, પેટલાદ. ©

## પ્રકરણ - ૧

### મેઘાણીજીવન : લોકસાહિત્યના અનુસંધાનમાં

શ્રી ઝવેરચંદ કાલિદાસ મેઘાણીનો જન્મ ચોટીલા ગામમાં, ડુંગરની તળેટીમાં, તા. ૧૭ ઑગસ્ટ ૧૮૯૭ ના રોજ (સંવત ૧૯૫૩ ની શ્રાવણ વદ પાંચમે) થયો હતો, એમ મનાતું આવ્યું છે. જન્મતિથિ પરનું એમનું પોતાનું કાવ્ય તથા એમની ૭૫ મી જયન્તી એમના કુટુંબીઓએ ઉજવી તે પરથી ૧૭ મી ઑગસ્ટ હજી ઉજવાય છે; છતાં કૉલેજના રજિસ્ટર પર તા. ૨૮-૮-૧૮૯૬ છે; અને કેટલાક એને પણ જન્મ તારીખ ઠેરવવા દલીલ કરે છે. આમ, મેઘાણીભાઇની જન્મ-સાલ અને જન્મ-સ્થળ એ બે વિવાદાસ્પદ મુદ્દા છે; એટલે એમાં હજી પણ સંશોધનને અવકાશ છે. અહીં તો મેઘાણીભાઇને લોક-સાહિત્યની દિશામાં ખેંચી જનાર પરિબળોની અને એમના વ્યક્તિત્વ-ઘડતરની ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

ઝવેરચંદની અટક "મેઘાણી" એમના મેઘા નામના વડવા ઉપરથી પડી હોય એવી એક માન્યતા છે. પિતા કાલિદાસ કાઠિયાવાડની એજન્સીના પોલિસ ખાતામાં સામાન્ય પોલિસ તરીકે દાખલ થઇ, પછી જમાદાર થયા હતા. પિતાની વારંવાર બદલી થવાને કારણે મેઘાણીએ દાઠા, ચોક, બાબરા, બગસરા, લાખાપાદર, વઢવાણ, રાજકોટ, ચોટીલા, ચમારડી અને પાળિયાદ જેવાં, સૌરાષ્ટ્રના ભિન્ન ભિન્ન પ્રદેશોમાંનાં ગામો ખૂંદ્યાં હતાં. એ નિમિત્તે લગભગ આખા સૌરાષ્ટ્રની તળ ધરતીનો નિકટનો પરિચય એમને થયો હતો. ડુંગરાળ પ્રદેશોમાં નાનપણથી જ પરિભ્રમણ કરવું પડે તેવી એમની કૌટુંબિક પરિસ્થિતિ હતી. એટલે જ મેઘાણીભાઇએ યોગ્ય રીતે જ કહ્યું છે, "હું પહાડનું બાળક છું."

મેઘાણીભાઇનું મૂળ વતન તો બગસરા; પરંતુ એમને પિતાની બદલીઓને કારણે તથા અભ્યાસની અનુકૂળતા-પ્રતિકૂળતાને કારણે સૌરાષ્ટ્રમાં ઘણે બધે સ્થળે ફરતા રહેવું પડયું હતું.

મેઘાણીભાઇ પોતાના કુલસંસ્કાર વિશે વસવસો પ્રગટ કરતાં લખે છે: " રે, પાયામાં જોઉં તો કશો જ નક્કર કુલસંસ્કાર, નગરસંસ્કાર, રક્તસંચાર, ધર્મસંસ્કાર નથી જડતો, જડે છે ફક્ત આ શેત્રુંજી, સાતલ્લી અને શેલ સમી નદીઓના નીર સમીરણ મારફતના થોડા નિસર્ગ લાલન; પણ એટલેથી થોડું આ માનવજીવનનું લાકડું ઘાટમાં આવે છે ! બહુ બહુ અણઘડયું રહી ગયું, મોટો દુર્મેળ મચી ગયો."[1] હકીકતમાં તળ ધરતીના સંસ્કાર, મેઘાણીભાઇના શબ્દોમાં જ કહીએ તો "ધરતીનું ધાવણ," મળ્યું તે ઉપરાંત એમને પોતાના કુટુંબ તરફથી પણ ઉમદા સંસ્કારો મળ્યા છે. કઠોર જીવન જીવવાની તાલીમ અને શૌર્ય એમને વારસામાં પિતા તરફથી અને ધાર્મિક સંસ્કારો માતા તરફથી મળ્યા છે, તે સુમેળ પણ જેવો તેવો ન ગણાય.

પ્રાથમિક અભ્યાસનો તેઓ રાજકોટથી પ્રારંભ કરે છે. એમના પિતા સદરમાં હવાલદાર હતા, તેથી સદરની તાલુકા સ્કૂલમાં અભ્યાસ શરૂ કર્યો. શૈશવના બેથી દસ વર્ષ રાજકોટમાં પસાર થાય છે. દાઠા, પાળિયાદ અને બગસરામાં પ્રાથમિક શિક્ષણ નિમિત્તે જવું પડયું. અંગ્રેજી બીજા ધોરણ સુધીનો અભ્યાસ વઢવાણ કૅમ્પમાં થયો. બગસરાની મિડલ-સ્કૂલમાં અભ્યાસ કર્યા પછી હાઇસ્કૂલનો અભ્યાસ અમરેલીમાં કર્યો.

મેઘાણીભાઇ ઇ.સ. ૧૯૧૨ માં પંદર વર્ષની વયે અમરેલીની હાઇસ્કૂલમાંથી બીજે નંબરે મૅટ્રિકમાં પાસ થયા. આ દરમ્યાન બગસરામાં

અને અમરેલીમાં એમના મિત્રમંડળે કરેલી પ્રવૃત્તિઓ નોંધપાત્ર છે. ગ્રામસફાઇ, છાત્રાલયનું સંચાલન, દર વર્ષે એકાદ નાટક સાથેનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ, વગેરે પ્રવૃત્તિઓ એ મંડળ ચલાવતું. એમાં ઝવેરચંદનો ફાળો આગળ પડતો હતો. એમનામાં પછીથી દેખાયેલી કલાસૂઝ, સુઘડતા, વ્યવસ્થાશક્તિ, સમાજસેવાવૃત્તિ વગેરેની દ્યોતક એ પ્રવૃત્તિઓ હતી. બાલ્યવયથી છેક કૉલેજકાળ સુધી એ પ્રવૃત્તિઓ ચાલી. એમના સાહિત્યમાં પણ જે સમાજાભિમુખતા દેખાય છે એના બીજ બાલ્યવયની આ પ્રવૃત્તિઓમાં જોઇ શકાશે.

વળી, બચપણનાં એ વર્ષો દરમ્યાન સ્થળે સ્થળનાં પાણીપીતાં પીતાં, એનાં દુહા-ગીતો, કથાવારતા, શૌર્યપ્રેમ, સાહસ, ભીરુતા-બધુ જોવા-સાંભળવા- અનુભવવા મળ્યું. લોકસાહિત્યના સંસ્કારો પણ આમ શૈશવકાળથી સહજ રીતે મળ્યા. પછી એને સંકોરનાર તો નિમિત્તરૂપ બન્યા. હાઇસ્કૂલના અભ્યાસકાળ દરમ્યાન તેઓ "કલાપી"ના કાવ્યો દર્દપૂર્વક ગાતા, તેથી સહાધ્યાયીઓએ "વિલાપી" તખલ્લુસ આપ્યું એમ શ્રી ઉમાશંકર જોશીએ "મેઘાણી ગ્રંથ-૧" માં નોંધ્યુ છે. પછી તો પોતે જ પોતાનું ઉપનામ "વિલાપી" રાખેલું. એમને "કલાપી"ની નીચેની પંક્તિ ઘણી પ્રિય હતી:-

"તમારા રાજદ્વારોના, ખૂની ભભકા નથી ગમતા,
મુસીબતની મુરબત ત્યાં, ખુશામતના ખજાના ત્યાં."

મૅટ્રિક પસાર કર્યા પછી મેઘાણીભાઇ આગળની યુનિવર્સિટી પરીક્ષા આપવા ઇચ્છતા નહોતા. તેમણે શ્રી ગુલાબચંદ વખારિયાને જણાવ્યું હતું,
"After having been rescued from the cruel clutches of the examination, I have come here yesterday. I may, however, let you know and rejoice that I stand second in the examination. God be thanked, I have no more ambition to appear at the University."[2]

કૉલેજ-અભ્યાસ શરૂ કરવાની મેઘાણીભાઇની મુદ્દલ ઇચ્છા નહોતી, એવું ઉપર્યુક્ત પત્રમાં પ્રતીત થાય છે, તેમ છતાં તેઓ ઇ.સ.૧૯૧૩ માં કૉલેજ-અભ્યાસ માટે ભાવનગરની શામળદાસ કૉલેજમાં દાખલ થયા. વાંકડિયા ઝુલ્ફાંવાળો અને લીંબુની ફાડ જેવી મોટી આંખોવાળો યુવાન શામળદાસ કૉલેજમાં પોતાના પહેરવેશથી જુદો તરી આવતો. જાડું છૂટી પાટલીનું ધોતિયું, ખમીસ, ઉપર લાંબા ડગલા જેવો બગસરામાં હાથે વણાયેલી ગજીનો કોટ, માથે બગસરાનો ચોકડીદાર છોગાળો ફેંટો કે કાળી ફૂમતાદાર ઊંચી દીવાલની બૅંગલોરી ટોપી પહેરતો યુવાન વિશેષ શરમાળ પ્રકૃતિનો હતો. કૉલેજના ચર્ચામંડળમાં પણ તેમણે નમ્રતા-પૂર્વક પોતાની અભ્યાસ-પરાયણતાનો પરિચય કરાવ્યો હતો. ચર્ચા-મંડળમાં એક વખત કોઇ પણ વિદ્યાર્થીએ તૈયારી નહોતી કરી ત્યારે મેઘાણીભાઇએ આદરપૂર્વક એમના શિક્ષકને જણાવ્યું હતું કે હવે પછીની ચર્ચામાં પોતે 'કલાપી'ની તાજી જ પ્રગટ થયેલી 'માલા અને મુદ્રિકા' કૃતિમાંથી પૅરેગ્રાફ વાંચશે. આ ઘટના એમનો સાહિત્ય સાથેનો જીવંત સંસ્પર્શ સૂચવે છે.

મેઘાણીભાઇએ માધ્યમિક અને કૉલેજ શિક્ષણ મેળવ્યું, તે દરમ્યાન એમને માતાપિતાથી દૂર રહેવું પડ્યું અને 'ઓશિયાળો રોટલો' ખાવો પડ્યો હતો. તેમણે લખ્યું છે, "અંગ્રેજી બીજા ધોરણથી જ જેણે એક અગિયાર વર્ષના બાળકને માવતરથી ઉતરડીને વીશ માઇલ વેગળો અભ્યાસ માટે ફગાવી દીધો હતો, પારકાં ઘરના ટુકડા રોટલાનો અને પૂરું છાલિયું પણ નહિ એટલી છાશનો ઓશિયાળો કરી મૂક્યો હતો, તે જ આ લાખાપાદર થાણું. એ પરઘરાવલંબી બાળકને માંદગીના કે લાંબી-ટૂંકી રજાના દહાડા આવતાં, ગાય વાછરુને ખેંચે તેમ ખેંચતું."[3] ઇ.સ.૧૯૧૪-૧૫ નાં સંભારણાં નોંધતાં લખ્યું છે, " ઊતરીને એનું (શેત્રુંજીનું) પાણી ખોબે ખોબે પીતો, પગ ઝબોળીને ટાઢો થતો-ને સાંજે તો પાછી શરૂ થઇ જતી પારકા ટૂંબા ખાઇને રોટલો પામતી ઓશિયાળી વિદ્યાર્થી-અવસ્થા."[4]

ઇ.સ. ૧૯૧૪ માં ઇન્ટરનું પ્રથમ સત્ર જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં ભર્યું. તેઓ બી.એ.માં વધુ સારા શિક્ષણના લોભે જૂનાગઢ ગયા હતા. પરંતુ બીજા સત્રમાં ભાવનગર પાછા આવીને શામળદાસ કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો. બી.એ.ના બંને સત્રો ઇ.સ. ૧૯૧૬ માં પૂરાં કર્યાં, પરંતુ એ જ વર્ષે મુંબઇ યુનિવર્સિટીએ શૈક્ષણિક વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનું ગણવાનો નિર્ણય લીધો, અને વર્ષાન્તે પરીક્ષા લેવાતી, પરિણામે તેમને થોડા મહિના વધુ રોકાવું પડ્યું; તેથી ઇ.સ. ૧૯૧૬ ને બદલે ઇ.સ. ૧૯૧૭ માં અંગ્રેજી અને સંસ્કૃત સાથે તેઓ બી.એ.પાસ થયા. એ જ વર્ષે તેઓ ભાવનગરની સનાતનધર્મ હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. તેમના મિત્ર શ્રી કપિલભાઇ ઠક્કર પણ એ જ શાળામાં શિક્ષક હતા. બે વર્ષ સુધી શાળામાં રહેવાની બાહેધરી આપી, પણ તેનું પાલન ન કરી શક્યા. એક જ વર્ષ શિક્ષક તરીકે રહ્યા.

ઇ.સ. ૧૯૧૮ માં મેઘાણીભાઇ પોતાના મોટાભાઇ લાલચંદભાઇની માંદગીને કારણે કલકત્તા ગયા. જોગાનુજોગ શ્રી જીવણલાલભાઇ સાથે પરિચય થયો અને તેઓ જીવણલાલ એન્ડ કંપની નામના એલ્યુમિનિયમના કારખાનામાં નોકરીએ જોડાયા. અહીં તેમણે લગભગ ત્રણથી સાડાત્રણ વર્ષ સુધી કામગીરી બજાવી હતી. દરમ્યાન ઇ.સ. ૧૯૧૯ માં તેમને ઓચિંતા શ્રી જીવણલાલભાઇ સાથે વેપાર અર્થે ઈંગ્લેન્ડ જવાનું થયું. એ જ વર્ષે ઈંગ્લેન્ડથી પરત આવ્યા.

કલકત્તા ખાતેની નોકરીમાં ઊંચું પદ અને વધુ સારો પગાર મળે એવા સંજોગો થયા, બરાબર તે જ વખતે તેઓએ આ નોકરી છોડી ! ઇ.સ. ૧૯૨૧ માં તેઓ કલકત્તાની જીવણલાલ એન્ડ કંપનીની નોકરી છોડીને વતનમાં પાછા ફર્યા. સૌ પ્રથમ તેમણે બગસરામાં નિવાસ કર્યો. નોકરી

છોડવાનું કારણ આપતાં, પોતાના એક મુરબ્બી મિત્રને તેમણે પત્રમાં લખ્યુંહતું, "હું પણ એકાદ બે માસમાં પાછો આવું છું. ધરાઇને આવું છું. જીવનની આ ગોધૂલિને સમયે અંધકારને પ્રકાશની મારામારીને વખતે, મારો ગોવાળ મને બોલાવી રહ્યો છે. હું રસ્તો નહિ ભૂલું. એના સાદને હું ઓળખું છું. હું બંધુહીન નથી એમ કહેવા દેજો."[5] મેઘાણીભાઇએ એ 'સાદ'ને બરાબર ઓળખ્યો, એટલું જ નહિ; એ 'સાદ'ને ઓળખીને એ દિશામાં આગળ વધવા અનુકૂળતા શોધી કાઢી. કલકત્તાની ઊંચા પગારની નોકરી છોડવાનો શકવર્તી નિર્ણય એ મેઘાણીભાઇનું એક સાહસ જ હતું. આ સાહસની પાછળ આત્મશ્રધ્ધાનું, સાહિત્ય પ્રત્યેની લાગણીનું બળ હતું. પેલો 'સાદ' ધરતીના જાયા મેઘાણીભાઇને પોતાના સાચા સ્થાને બોલાવી લે છે, અને એ રીતે એમના જીવનને એક નવો જ વળાંક પ્રાપ્ત થાય છે, " ૧૯૨૧ ના સપ્ટેમ્બરના એ વર્ષાદિને કલકત્તામાં બેઠાબેઠાં દેશના ગામગોંદરાની ગોધૂલિને એ યુવક ઝંખે છે. દુન્યવી સફળતાથી એ ધરાયો છે. દેશ-પરદેશના અનુભવો, નગરજીવનની સગવડો, અધિકાર, ભાવિ સલામતી એ બધું જ નજર સામે છે, તેમ છતાં સાંજટાણે પાછાં વળતાં ગોધણની ટોકરીનો ગંભીર અવાજ આજે અચાનક એના કાનને ચમકાવે છે........ સારું થયું કે તેમણે દુન્યવી સફળતા જોઇ લીધી, નહિતર જીવનમાં તેના ઓરતા રહી જાત."[6]

કલકત્તાના નિવાસ દરમ્યાન મેઘાણીભાઇએ બંગાળી ભાષા શીખી લીધી. કારખાને જતાં-આવતાં દુકાનોનાં બોર્ડ વાંચીને એ ભાષાની જાણકારી પ્રાપ્ત કરી. કવિવર રવીન્દ્રનાથ ટાગોરના 'કથા ઓ કાહિની', 'રાજા ઓ રાની' વગેરે ગ્રંથો વાંચી લીધા. મેઘાણીભાઇની સાહિત્ય-રુચિના ઘડતરમાં કવિવર રવીન્દ્રનાથનો કીમતી ફાળો રહેલો છે. તેમને દિનેશચંદ્ર સેનનું 'The Folk Literature of Bengal' નામનું પુસ્તક

હાથ લાગ્યું. એણે બેવડી અસર કરી. એક, લોકસાહિત્યના સંશોધનનો શાસ્ત્રીય માર્ગ કયો છે, એની ઉપયોગિતા શી છે, એની સજ્જતા કેવી જોઇએ, વગેરેનો ખ્યાલ આપ્યો. લોકસાહિત્યમાં પડેલા, પ્રજાની સંસ્કારિતાના ઇતિહાસને કેમ જોવો એ બતાવ્યું; જેને અભણ કહીએ છીએ તે તો આપણા સાચા વારસાના વાહકો છે એની પ્રતીતિ કરાવી. બીજું, લોકકથાનાં કેટલાંક ઉત્તમ પુસ્તકો વાંચવા ઉત્સુક કર્યાં. બંગાળી લોક-સાહિત્યના સંપાદક શ્રી દક્ષિણારંજન મિત્રમજમુદાર, અન્ય બંગાળી બાળવાર્તાકારોની અને સોરઠી લોકસાહિત્યની અસર "ડોશીમાની વાતો" માં જોઇ શકાય છે. બગસરામાં "કુરબાનીની કથાઓ" તથા "ડોશીમાની વાતો"નું સર્જન થયું. "દાદાજીની વાતો" માં પ્રારંભે જ મૂકેલું "દોસ્ત હાલો" ગીત - "હાંરે દોસ્ત હાલો દાદાજીના દેશમાં" શ્રી મિત્રમજમુદાર-ના "ઠાકુરદાદાર ઝૂલી" ના એક ગીતનું રૂપાંતર છે. કલકત્તા-નિવાસ દરમ્યાન એમણે શ્રી દ્વિજેન્દ્રલાલનાં બંગાળી નાટકો જોયાં. એ રીતે બંગાળી નાટકોની રંગભૂમિનો પણ ઊંડો પરિચય થયો. ટાગોરના શાંતિનિકેતનની પણ મુલાકાત લેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. એ સમયે બંગાળમાં ચાલતી રાજકીય પ્રવૃત્તિઓએ પરોક્ષ અસર પહોંચાડી છે. બીજી તરફ ગાંધીજીના દક્ષિણ આફ્રિકાથી આગમન પછી સ્વાતંત્ર્યપ્રાપ્તિની ઝુંબેશે જોર પકડ્યું હતું, તેનાથી પણ તેઓ અલિપ્ત રહી શકે તેમ નહોતું.

મેઘાણીભાઇ વ્યવસાય તરીકે પત્રકારત્વ બેડીને વર્તમાન જીવનના પ્રશ્નોને છણે છે. તેમણે "બાલમિત્ર" નામના બાળકોના માસિકમાં 'Stories From Plant Life' અને 'Stories From Animal Life' માંથી પ્રસંગો લઇને ભમરી, ઇયળ, ગોકળગાય, પતંગિયું, વરસાદનાં ટીપાં વિશે લેખો લખ્યા.

તા. ૨-૧૦-૧૯૨૧ ના રોજ "સૌરાષ્ટ્ર" સાપ્તાહિકનો પ્રારંભ થયો. શ્રી અમૃતલાલ શેઠે રજવાડાંમાં ચાલતી આપખુદી સામેનો લડાયક જોસ્સો પ્રગટ કરવા અને રજવાડાનું રાજકારણ આલેખવા માટે "સૌરાષ્ટ્ર" સાપ્તાહિક શરૂ કર્યું. એમાં મતાગ્રહો, દુરાગ્રહો, પૂર્વગ્રહો અને દાઝેભર્યા આવેગો રજૂ થતા. એ નિમિત્તે કેવળ વિઘાતક પ્રચારલક્ષી વિચારો અભિવ્યક્ત કરવામાં આવતા હતા. મેઘાણીભાઇની રુચિને આ બધું અનુકૂળ આવે તેમ નહોતું, છતાં તેઓ ઇ.સ.૧૯૨૨ માં "સૌરાષ્ટ્ર" કાર્યાલયમાં નોકરીએ જોડાયા. તેઓ રાણપુર રહેવા ગયા. ઇ.સ.૧૯૨૨ થી સર્જક મેઘાણીનો પહેલો મહત્ત્વનો તબક્કો શરૂ થાય છે. એ જ વર્ષે તેમનાં લગ્ન જેતપુરનાં દમયંતીબહેન સાથે થયાં. પ્રસન્ન દાંપત્યજીવન જીવતા મેઘાણીભાઇને કાઠિયાવાડનું વાયુમંડળ ગોઠી ગયું. ધરતીનો કવિ ફરી પાછો વતનની ધરતીમાં જ રોપાયો એ એક સુયોગ હતો. લેખન કારકિર્દીનાં ૨૫ વર્ષ સુધી એમણે ધૂણી ધખાવીને સાહિત્યલેખન તથા લોકસાહિત્યનું સંશોધન--સંપાદનકાર્ય કર્યું. ધરતીપ્રેમ આ કવિનું સૌથી આગળ તરી આવતું લક્ષણ છે. ધરતીપ્રેમે જ એમની હૃદયસરવાણીમાંથી દલિતો-પીડિતો પ્રત્યે હમદર્દી જન્માવી છે. એના પરિપાકરૂપે "બીડીઓ વાળનારીનું ગીત" અને "કવિ, તને કેમ ગમે ?" જેવાં કાવ્યો સર્જાયાં છે. મુલાયમ હૃદય અને સહાનુકંપા મેઘાણીભાઇને માનવતાવાદી બનાવે છે. એમના પિતા પોલિસ અધિકારી હતા ત્યારે એક પ્રસંગે દૂધપાકની રસોઇ બનાવી હતી. પોલિસ ખાતાના એક કર્મચારીએ કહ્યું કે ગામમાં બધેથી ફરી ફરીને દૂધ ઉઘરાવી લાવ્યા છીએ, બાળકોને પીવાનું દૂધ સુધ્ધાં રાખ્યું નથી. આ સાંભળીને મેઘાણીભાઇ છળી ઊઠેલા અને તેમણે દૂધપાક મોંએ અડાડ્યો નહોતો એમ કહેવાય છે. આવા પ્રસંગોની પ્રબળ અસર એમના ચિત્ત પર લાંબા સમય સુધી રહેતી અને તેના પ્રતિઘોષ એમના સાહિત્યમાં પડ્યા વિના રહેતા નહિ.

ઇ.સ. ૧૯૨૨ થી ઇ.સ. ૧૯૨૭ સુધી મેઘાણીભાઇએ 'સૌરાષ્ટ્ર'માં પત્રકારિત્વની કામગીરી બજાવી. એ દરમ્યાન લોકસાહિત્યના સંશોધન-સંપાદનની કામગીરી પણ ઝડપી ગતિએ થઇ. મેઘાણીભાઇની લેખનપ્રવૃત્તિની શરૂઆત ઇ.સ. ૧૯૨૨ માં થઇ. એમનું સૌ પ્રથમ પુસ્તક 'કુરબાનીની કથાઓ' ઇ.સ. ૧૯૨૨ માં પ્રગટ થયું. કવિવર રવીન્દ્રનાથ ટાગોરના 'કથા ઓ કાહિની'માં ૩૪ પદ્યકૃતિઓ છે, તેમાંથી ૧૮ અને નાટયકવિતામાંથી ૨ એમ કુલ ૨૦ કૃતિઓનું એમણે 'કુરબાનીની કથાઓ' નામે રૂપાંતર કર્યું. આ પુસ્તકની ચૌદમી આવૃત્તિની પ્રસ્તાવનામાં એમણે લખ્યું છે, "લેખનને વ્યવસાય અથવા 'કરીઅર' લેખે અપનાવ્યા પૂર્વે ઘૂટેલા આ મારા પ્રથમાક્ષરો છે....... મારી આ પહેલવહેલી કૃતિ..... આ મારું પહેલું પુસ્તક હતું એટલું જ કહેવું બસ નથી. આ પુસ્તકે જ મારા માટે ગુજરાતી વાચકજગતમાં અજવાળું કરી આપ્યું એ ગુણ હું કેમ ભૂલી શકું?..... આ પુસ્તકનો પ્રત્યેક પાઠ મારી મજલના પ્રથમ પ્રયાણનો ખાંભો બની રહ્યો છે.......,"[૭] મેઘાણીભાઇને પોતાની પ્રથમ સાહિત્યકૃતિ માટે અહોભાવયુક્ત પક્ષપાત હતો તે ઉપર્યુક્ત શબ્દોમાં પ્રતીત થાય છે.

મેઘાણીભાઇને લોકસાહિત્યનું ઘેલું લાગ્યું, તેમાં હડાળાના દરબાર વાજસૂર વાળાનો ફાળો પણ નાનોસૂનો નથી. એમની સુષુપ્ત શક્તિઓને લોકસાહિત્યના સંપાદન પ્રતિ અને ઇતર લેખન પ્રતિ કાર્યાન્વિત કરાવવા જેટલી નિકટતા દરબાર વાજસૂર વાળા અને મેઘાણીભાઇ વચ્ચે ઇ.સ. ૧૯૨૧-૨૨ માં સધાઇ, પરંતુ પરોક્ષ પરિચય તો છેક ઇ.સ. ૧૯૧૨ થી હતો. મેઘાણીભાઇને પહેલી લોકકથા 'ઉમા' ઉર્ફે 'હરિયા-પીરની દીકરી' ઇ.સ. ૧૯૨૧-૨૨ માં દરબાર વાજસૂર વાળાએ સંભળાવી હતી; જે "રંગ છે બારોટ!'માં સંગ્રહિત થઇ છે. એમનું પહેલું ગીત 'દીવડો ઝાંખો બળે' કંપનીમાં જોડાયા તે પહેલાં, કલકત્તામાં

લખાયું. એમને વતનનું મમત્વ પણ પ્રબળ હતું. તેઓ લખે છે: "ભાઇ પરમાનંદ કાપડિયા એના નિત્યના મધુર કટાક્ષોમાં મને સંભળાવે છે કે "સારું જ છે કે કુદરત પ્રતિની તારી આટલી પ્રબળ ઊર્મિલતાએ કાઠિયાવાડની બહાર જઇને પશ્ચિમ વગેરે બાજુનાં સૃષ્ટિસૌંદર્ય દીઠાં નથી; દીઠાં હોત તો ખરેખર તારું હૃદય ફાટી જ પડત. કાઠિયાવાડની આછીપાતળી પ્રકૃતિરચના અને સામાન્ય એવી પ્રાચીનતાઓ તને આટલો બહેકાવી મૂકે છે, તો પછી પશ્ચિમ તરફની ભવ્ય મૂર્તિઓ અને વનરાજિઓ સામે તારી છાતી સાબૂત રહી જ ન શકત !" એ વાત સાચી જ છે. સોરઠની લઘુતામાં પણ હું અતિશય રાચું છું. મમત્વનો માર ખરેખર વસમો છે."[8] મેઘાણીભાઇને લોકસાહિત્યના સંશોધન-સંપાદનની દિશામાં દોરી જનારું મહત્ત્વનું પરિબળ તે કાઠિયાવાડ પ્રત્યેનું મમત્વ છે. તેમણે એ પ્રદેશને જ કર્મભૂમિ બનાવી, અને જીવનની અંતિમ ક્ષણો સુધી સાહિત્ય અને લોકસાહિત્ય અંગેની કામગીરી બજાવી.

પ્રા.શ્રી કનુભાઇ જાનીના મતાનુસાર મેઘાણીભાઇના લેખનનો આરંભ ત્રિવિધ પરિબળોથી થયો: (૧) રવીન્દ્રનાથ – દ્વિજેન્દ્ર જેવા બંગાળી ને કલાપી--ન્હાનાલાલ જેવા ગુજરાતી સાહિત્યકારોનો અભ્યાસ (૨) શ્રી દક્ષિણારંજન મિત્રમજમુદારે, વિશેષ તો વાજસૂર વાળાએ લગાડેલો લોકસાહિત્યનો નાદ; અને (૩) મિત્રમંડળને કારણે નાનપણથી સામાજિક ને નાટ્ય, જેવી તથા પછીથી સ્વદેશી જેવી પ્રવૃત્તિ રૂપે જે દેખાયો હતો તે લોકજીવનમાં રસ. સાહિત્યોન્મેષ, લોકસાહિત્ય સંશોધન-પ્રચારનો નાદ અને જિવાતા લોકજીવન સાથે નિકટવર્તી[9] ઉચાટ ઊલટભર્યો[9] સંબંધ – આ ત્રણે મેઘાણીભાઇમાં છે.

ઇ.સ.૧૯૨૨ માં મેઘાણીભાઇએ પોતાની લેખન પ્રવૃત્તિ અને લોકસાહિત્યના સંશોધન-સંપાદનનું કાર્ય શરૂ કર્યું. ઇ.સ.૧૯૨૨ માં તેમનું સૌ પ્રથમ પુસ્તક 'કુરબાનીની કથાઓ' પ્રગટ થયું. ઇ.સ.૧૯૨૩ માં 'ડોશીમાની વાતો' અને 'સૌરાષ્ટ્રની રસધાર-૧' પ્રગટ થયાં. સાહિત્યલેખનની આ કામગીરી ઇ.સ.૧૯૪૭ સુધી ચાલુ રહી. એમાં ભરતી-ઓટ આવ્યા છે, પણ લેખિની કાયમને માટે ક્યારેય અટકી ગઇ નથી.

'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકનો અંક દર ગુરુવારે પ્રગટ થતો. એ જ દિવસે મેઘાણીભાઇની સાહિત્યખેપ શરૂ થતી. તેઓ ઇ.સ.૧૯૨૨ માં 'સૌરાષ્ટ્ર' કાર્યાલયમાં જોડાયા ત્યારે એમની પાસે, એમના જણાવ્યા પ્રમાણે, સંભિઘોમાં ત્રણ બાબતો હતી: (૧) 'કુરબાનીની કથાઓ' (૨) 'ડોશીમાની વાતો' અને (૩) હડાળાના દરબાર વાજસૂર વાળાએ સંભળાવેલી 'વીર ચાંપરાજ વાળો', 'ભોળો કાત્યાળ', 'આહીરની ઉદારતા' વગેરે લોકકથાઓ. 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકમાં આ લોકકથાઓ પ્રગટ થઇ અને તેણે વાચકોનું એ દિશામાં ધ્યાન ખેંચ્યું. સોમ, મંગળ, બુધ, અને ગુરુ એ ચાર પત્રકારિત્વની પ્રવૃત્તિના દિવસો હતા. શુક્ર, શનિ અને રવિ - એ ત્રણ એમના પ્રવાસના, લોકસાહિત્ય-સંપાદનના દિવસો હતા. આ દિવસો દરમ્યાન નવોઢા દમયંતીબેનને ફરજિયાત વિયોગ સહેવો પડતો. પરંતુ એ પતિવ્રતા પત્નીએ પતિના પગલે પગલે ચાલવામાં જ પોતાનું શ્રેય માન્યું હતું. એક વખતે મેઘાણીભાઇ મળસ્કાની ટ્રેનમાં જવા માટે નીકળ્યા. સ્ટેશને પહોંચ્યા પછી થોડી વારમાં ત્યાં પત્નીને નિહાળી એમને આશ્ચર્ય થયું. અંધારી રાત્રે ભયાનક માર્ગ વટાવીને તે પતિનું પડિયાળ આપવા આવ્યાં હતાં. આવી હતી દમયંતીબેનની પતિભક્તિ !

લોકસાહિત્યના સંશોધન-સંપાદનમાં મેઘાણીભાઇને સૂઝપૂર્વક અને ધીરજથી કામ લેવું પડતું. અનેક જાતના લોકો સાથે સંબંધ રાખવાનો રહેતો; એટલે જેમની પાસેથી કોઇ સામગ્રી મળી શકે તેમ હોય તેને વિશ્વાસમાં લેતા, રીઝવતા અને તેના પોતાના બનીને સામગ્રી મેળવી લેતા. મેઘાણીભાઇ ખભે ઝોળી ભરાવીને જતા, અંદર કાગળો અને પેનની મૂડી રહેતી. જે ટાંચણો તૈયાર થતાં તેને આધારે નવરાશના વખતે મઠારીને લોકસાહિત્યની કૃતિ પ્રગટ કરતા.

મેઘાણીભાઇના વ્યક્તિત્વ ઘડતરમાં (૧) બાળપણના સંસ્કારો, અનુભવો, ખૂંદેલા પ્રદેશો, (૨) કલકત્તા-નિવાસ દરમ્યાન બંગાળી સાહિત્ય - લોકસાહિત્યનો સંપર્ક, (૩) મિત્રમંડળનો સાહિત્ય-વારસો અને તેમાં પણ દરબાર વાજસૂર વાળાનો જીવંત સાહિત્યસંપર્ક-મહત્ત્વના પરિબળો છે. આ પરિબળો જ એમને લોકસાહિત્યના સંશોધન-સંપાદનના ક્ષેત્રમાં ખેંચી ગયાં હોવાં જોઇએ. એમણે કલકત્તામાં શ્રી કપિલભાઇ ઠક્કરને કહેલું કે સૌરાષ્ટ્રમાં પાછા આવીને લોકસાહિત્ય એકઠું કરવાની પોતાની મુરાદ છે. આ મનની મુરાદ પૂર્ણ કરવામાં "સૌરાષ્ટ્ર" કાર્યાલયનો પણ હિસ્સો રહેલો છે. ઇ.સ.૧૯૨૧-૨૨ માં એમનો "ચોરાનો પોકાર" નામનો સૌ પ્રથમ લેખ "સૌરાષ્ટ્ર"માં પ્રગટ થયો. ત્યારથી મેઘાણીભાઇનું પત્રકાર-જીવન આરંભાય છે. "સૌરાષ્ટ્ર" કાર્યાલયની કામગીરી બજાવતાં બજાવતાં એમણે લોકસાહિત્યને પણ જીવનકાર્ય તરીકે સ્વીકારીને સંશોધવા માંડયું. "લોકસાહિત્યના સંપાદનની સઘન કામગીરી આરંભનાં આઠ (ઇ.સ.૧૯૨૨-૧૯૩૦) વર્ષોમાં થઇ. એ દરમિયાન લોકસાહિત્યનાં ૨૦ પુસ્તકો મળ્યાં. લોકસાહિત્યના વિવેચનનું કામ મોડું - ઇ.સ.૧૯૩૯ થી ૧૯૪૬ ના આઠ વર્ષોમાં થયું. લોકસાહિત્ય-વિવેચનનાં ૫ પુસ્તકો પ્રાપ્ત થયાં." ('કુમાર': અંક-૬૦૦: પ્રા.શ્રી કનુભાઇ જાનીના આલેખમાંથી)

ઇ.સ. ૧૯૨૮ થી ગુજરાતી સાહિત્યમાં ગણનાપાત્ર પ્રદાન કરનારને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' આપવાનો આરંભ થયો; ત્યારે એ વર્ષનો સુવર્ણચંદ્રક મેઘાણીભાઇને 'સૌરાષ્ટ્રની રસધાર' ભા. ૧ થી ૫ અને 'રઢિયાળી રાત' ભા. ૧-૨-૩ નામની લોકસાહિત્ય-સંશોધન-સંપાદનની કૃતિઓ માટે અર્પણ થયો. લેખન કારકિર્દીના આરંભના ૬ વર્ષમાં એમણે આવી અપ્રતિમ સિધ્ધિ મેળવી. ઇ.સ. ૧૯૨૯ માં એમણે ડૉ. સર જીવણજી મોદી નામના પારસી સદ્ગૃહસ્થના પ્રમુખપદે મુંબઇમાં જ્ઞાનપ્રસારક મંડળીના આશ્રયે લોકસાહિત્ય ઉપર છ વ્યાખ્યાનો આપ્યાં.

મેઘાણીભાઇએ 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકમાં ઇ.સ. ૧૯૨૨ થી ૧૯૩૦ સુધી ૮ વર્ષ કામગીરી બજાવી. ૧૯૩૦ પછીનું લેખન અને પ્રવૃત્તિ જુદી જ દિશામાં ચાલ્યાં. ઇ.સ. ૧૯૩૦ ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં એમણે સક્રિય ભાગ લીધો, જેલવાસ પણ ભોગવ્યો. આ સમય દરમ્યાન લખાયેલી કવિતામાં દેશભક્તિનો વિષય પ્રધાનપણે હતો. એ જ વર્ષમાં 'સિંધુડો'નું સર્જન થયું, અને તે સરકારે જપ્ત કર્યો હતો. મેઘાણીભાઇ પાસે મધુર અને બુલંદ કંઠ હતો અને ઊર્મિલતા પણ હતી; જે શ્રોતાઓ ઉપર ચિરંજીવી છાપ મૂકી જતાં. એમનું ગીત પૂરું થયા પછી સાંભળનાર મંડળી બે મિનિટ તો નિઃશબ્દ બની જતી. સાંભળનારને ધરવ થાય જ નહિ. એક વાર સાંભળે એ એમને ભૂલે નહિ. ભાવરૂપ થઇને ગીત ગાતા. એક વાર કવિ કલાપીનું ' હું જાઉં છું, હું જાઉં છું ' ગાતાં ગાતાં એવું કરુણ-ઘેરું વાતાવરણ ખડું કરેલું કે "મારી કબર પર...." એ પંક્તિ આવતાં આવતાં તો પોતે જ મોટેથી રડી પડેલા એવું કહેવાય છે. મોટી જનમેદની આગળ મેઘાણીભાઇ બુલંદ કંઠે 'કોઇનો લાડકવાયો' ગાય અને શ્રોતાઓ આંસુ સારે એવું પણ ઘણી વાર બન્યું છે. ઇ.સ. ૧૯૩૦ ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં, ધંધુકા પાસે બરવાળામાં શ્રી મનુભાઇ જોધાણીએ ભાષણ કર્યું હતું; પરંતુ

પોલિસે મેઘાણીભાઇને પકડયા. ખરેખર તે વખતે તેઓ રાણપુરમાં હતા. ધંધુકામાં મુકદ્દમો ચાલ્યો. મેઘાણીભાઇને સજા થઇ. મેજિસ્ટ્રેટ ઇસાણીએ સજા કરતાં પહેલાં કોર્ટના શિરસ્તા મુજબ મેઘાણીભાઇને પૂછયું, "તમારે કંઇ કહેવું છે ?" તેમણે જણાવ્યું કે, કંઇ કહેવું નથી, પણ એક ગીત ગાવું છે. મેજિસ્ટ્રેટે ગીત ગાવાની રજા આપી. મેઘાણીભાઇએ એ દિવસોમાં જ પોતે રચેલું 'છેલ્લી પ્રાર્થના' બુલંદ કંઠથી દર્દભર્યા સૂરોમાં ગાયું –

" હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ,......
× × ×
નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે."

– અને મેજિસ્ટ્રેટ સહિત, જે લોકો કોર્ટમાં હાજર હતા તે બધા ભાવાર્દ્ર બનીને રડી પડ્યા. મેઘાણીની કવિતાની આવી પ્રગાઢ અસર હતી. સૂતેલાને જગાડે એવી શબ્દ-સંજીવની એમને વરેલી હતી.

મેઘાણીભાઇમાં માનવમનની પરખ અદ્ભુત હતી. એમણે રચેલું 'છેલ્લો કટોરો' વાંચીને ખુદ ગાંધીજીને પણ કહેવું પડ્યું કે આ કાવ્યમાં કવિએ પોતાની મનઃસ્થિતિનો તાદૃશ ચિતાર આપ્યો છે,

" છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ,
સાગર પીનારા અંજલિ નવ ઢોળજો બાપુ."

અન્યના ચિત્તમાં પ્રવેશી, તેમાં ચાલતાં ભાવસંચલનોને પકડવાનું કામ સહેલું નથી, છતાં મેઘાણીભાઇએ તે ઉપર્યુક્ત કાવ્યમાં કરી બતાવ્યું છે. આ કાવ્યના વાચન પછી ગાંધીજીએ મેઘાણીભાઇને 'રાષ્ટ્રીય શાયર' નું બિરુદ આપ્યું હતું. ખરેખર તો એ બિરુદની પ્રાપ્તિ પહેલાં જ લોકહૃદયમાં ચિરંજીવ સ્થાન મેળવીને એમણે 'શાયરપદ' મેળવી લીધું હતું.

ઇ.સ.૧૯૩૨ સુધીમાં બેએક વર્ષ તેમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભાગ લીધો. ઇ.સ.૧૯૩૨ માં "સૌરાષ્ટ્ર" સાપ્તાહિક બંધ પડયું. એ જ વર્ષે એમણે "ફૂલછાબ" સાપ્તાહિકની કામગીરી સ્વીકારી. મેઘાણીભાઇએ "ફૂલછાબ"માં ટૂંકી વાર્તા તથા સંસ્મરણો પ્રગટ કરીને, સાહિત્યિક પત્ર આપવાનો સન્નિષ્ઠ પ્રયાસ કર્યો. એમણે બોટાદમાં જઇને વસવાનો નિશ્ચય કર્યો. ત્યાં ઘર પણ બંધાવ્યું. ઇ.સ.૧૯૩૩ માં એમનાં પત્ની દમયંતીબહેને અગ્નિસ્નાન કર્યું. મેઘાણીભાઇના જીવનને કારમો આઘાત લાગ્યો. આ ઘટનાની એમના લેખન પર જબરી અસર પડી. સૌરાષ્ટ્રનો એ જીવ ઘડીભર ઉખડી ગયો. લોકસાહિત્યનું કામ લગભગ સમેટાઇ ગયું; પછીનું કામ જુદું ચાલ્યું. તેઓ સૌરાષ્ટ્ર છોડીને મુંબઇ ગયા. તેમણે લખ્યું છે, "જીવતર પર એક હિમ પડયું હતું. આંગળાંનેય એ હિમે થિજાવ્યાં હતાં. એ હિમ ઉપર મિત્રોનાં સ્નેહકિરણો ચમકતાં રહ્યાં, ને ફરીથી મારાં છૂટાં થયેલાં આંગળાંએ કલમ લીધી. "પ્રતિમાઓ" અને "પલકારા"ની વાર્તાઓ લખી." લોકસાહિત્યના સંશોધન અને સંપાદનની કામગીરી સ્થગિત થઇ ગઇ. ઇ.સ.૧૯૩૩ માં તેઓ મુંબઇ ગયા ત્યારે સાચા અર્થમાં "દિશાશૂન્ય" હતા.

ઇ.સ.૧૯૩૪ માં મેઘાણીભાઇ શ્રી અમૃતલાલ શેઠના આગ્રહથી "જન્મભૂમિ" દૈનિકમાં જોડાયા. આ દૈનિકમાં તેમણે "કલમ અને કિતાબ"નું સાહિત્યપાનું પ્રશસ્ય રીતે સંભાળ્યું હતું. એમની પ્રકૃતિને અનુકૂળ આવે એવું કામ મળી ગયું. એ જ વર્ષે એમણે નેપાળનાં શ્રી ચિત્રાદેવી સાથે બીજું લગ્ન કર્યું. મુંબઇવાસ દરમ્યાન નવલકથા અને વાર્તાલેખનની પ્રવૃત્તિને વેગ મળ્યો. એ સમયગાળામાં "વેરાનમાં" અને "પરિભ્રમણ" જેવા લેખસંગ્રહોનું સર્જન થયું.

ઇ.સ. ૧૯૩૬ માં મેઘાણીભાઇ મુંબઇ છોડીને રાણપુર આવ્યા. "ફૂલછાબ" ને જીવતદાન આપ્યું. "ફૂલછાબ" બંધ થાય અને સોએક જેટલા કારીગરો બેકાર થાય એવો સંભવ હતો; પણ મેઘાણીભાઇએ "ફૂલછાબ"નું ડૂબતું વહાણ બચાવી લીધું. એમણે ફરીથી બોટાદવાસ કર્યો. રોજ ગાડીમાં રાણપુર જઇને "ફૂલછાબ"ની કામગીરી બજાવતા. લગભગ આઠેક વર્ષ આ કામગીરી ચાલી. "ફૂલછાબ" માં વહેતી નવલકથા પ્રગટ થતી, તેથી તેમણે પોતે જ નવલકથા લખીને તેમાં પ્રગટ કરવાનું રાખ્યું. નવલકથા સિવાય અન્ય સામગ્રી પણ તેઓ તૈયાર કરીને પીરસતા રહેતા.

ઇ.સ. ૧૯૪૨ માં મેઘાણીભાઇએ સૂરતમાં સાર્વજનિક મિડલ સ્કૂલના પટાંગણમાં "રા.બ. કમલાશંકર વ્યાખ્યાનમાળા" હેઠળ લોકસાહિત્ય પર "લોકસાહિત્ય પગદંડીનો પંથ" નામે પાછળથી પ્રસિધ્ધિ પામેલા વ્યાખ્યાનો આપ્યા. ઇ.સ. ૧૯૪૩ માં મુંબઇ યુનિવર્સિટી આયોજિત "ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા" આપી. લોકસાહિત્ય પરનાં આ પાંચ વ્યાખ્યાનો "લોકસાહિત્યનું સમાલોચન" નામે એ જ યુનિવર્સિટીએ ગ્રંથસ્થ કર્યાં છે.

ઇ.સ. ૧૯૪૫ માં તેમણે કેટલાક અંગત મતભેદોને કારણે "ફૂલછાબ" માંથી નિવૃત્તિ લીધી, અને "ઊર્મિ અને નવરચના" માસિક માટે લખવાનું શરૂ કર્યું. આ માસિકમાં એમણે પોતાનું નામ આપ્યા સિવાય સાંપ્રત રાજકારણને સ્પર્શતી નોંધો લખી, જેને વાચકો તરફથી સારો આવકાર મળ્યો હતો. કમનસીબે મેઘાણીભાઇ આ માસિકને માંડ બે વર્ષની જ સેવા આપી શક્યા.

ઇ.સ. ૧૯૪૬ માં રાજકોટમાં શ્રી રા. વિ. પાઠકના પ્રમુખપદે ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન મળ્યું હતું. તેમાં મેઘાણીભાઇએ સાહિત્ય વિભાગના પ્રમુખપદેથી નિખાલસ અને પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું.

શ્રી રવિશંકર મહારાજે વર્ણવેલા જીવન-અનુભવો ઉપરથી તૈયાર થયેલ 'માણસાઇના દીવા' ને ઇ.સ. ૧૯૪૬ ના વર્ષના શ્રેષ્ઠ પુસ્તક તરીકે 'મહીડા પારિતોષિક' મળ્યું.

ઇ.સ. ૧૯૪૭ માં એમણે સોરઠી ભજન-સાહિત્યનું પુસ્તક 'સોરઠી સંતવાણી' પૂરું કર્યું. આ પુસ્તક એમના જીવનકાળ દરમ્યાન પ્રગટ થયેલું છેલ્લું પુસ્તક છે. મેઘાણીભાઇએ ૨૫ વર્ષની લેખન કારકિર્દીમાં ૮૪ પુસ્તકો આપ્યા છે, તેમાં લોકસાહિત્ય-વિષયક ૩૬ પુસ્તકો છે. આ ૩૬ પુસ્તકોમાં લોકકથાનાં ૧૬, લોકગીતનાં ૧૦, લોકસાહિત્ય-વિવેચનનાં ૫, પ્રવાસનાં ૨, આત્મકથાનાં ૩ પુસ્તકોનો સમાવેશ થાય છે. આટલો વિપુલ અને વૈવિધ્યસભર સાહિત્ય ફાલ આપીને એમણે બહુમૂલ્ય સેવા આપી છે.

મેઘાણીભાઇએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીધું તે દરમ્યાન એમના વ્યક્તિત્વને ઘડવામાં અનેક પરિબળોએ ભાગ ભજવ્યો. પિતાની નોકરી અને કુટુંબના સંજોગોને કારણે તેમને પિતા પાસેથી શૌર્ય અને પરાક્રમના પાઠો શીખવા મળ્યા. પિતા પોલિસ ખાતામાં સામાન્ય કર્મચારી તરીકે વર્ષો સુધી રહ્યા. પિતાના પંદર રૂપિયાના પગારમાં દસ માણસના કુટુંબનું ગુજરાન ચલાવવાનું રહેતું, પરિણામે ગરીબી એમને વારસામાં મળી. માતા અને પિતા પાસેથી ધાર્મિકતાના સંસ્કારો

પ્રાપ્ત થયા. પિતાની વારંવાર થતી બદલીને કારણે કાઠિયાવાડની તળ ધરતીનો નિકટનો પરિચય થયો. એટલે જ એમની કૃતિઓ વાંચતાં કાઠિયાવાડ આળસ મરડીને ઊભું થતું જણાય છે. શાળાના અભ્યાસકાળ દરમ્યાન બુલંદ ગળું હોવાને કારણે ગીતો ગાતા અને અનેકોનાં દિલ જીતી લેતા. શાળામાં તેઓ પ્રાર્થના ગાતા. મિત્રમંડળ અને એની પ્રવૃત્તિઓને કારણે મેઘાણીભાઇને જીવનમાં અનેક પ્રકારના અનુભવો થયા, જે એમના ઘડતરમાં પાયાની ઇંટ જેવા બની ગયા. સાહિત્યકૃતિનું વાચન અને આસ્વાદન એમની પ્રિય પ્રવૃત્તિ હતી. લોકકાર્યમાં એમને મૂળથી જ વિશેષ રુચિ હતી. દેશમાં ઇન્ફલુએન્ઝા ફાટી નીકળ્યો હતો, ત્યારે ઘેરઘેર ફરીને દવા વહેંચવાની કામગીરી બજાવી હતી. માત્ર દવા આપીને ચાલતા થવાનું એમને ગમતું નહોતું. દર્દીના બિછાના પાસે રોકાઇને તેની સાથે હેતપૂર્વક વાતે પણ વળગતા. કોઇક જગ્યાએ સારવાર કરનાર ન હોય તો પોતે રોકાઇ જતા. આમ લોકકાર્યની પ્રવૃત્તિને કારણે તેઓ અનુકંપાશીલ બન્યા, અને વિભિન્ન કક્ષાના લોકો સાથે નિકટતાનો ભાવ અનુભવવા લાગ્યા. આમ હોવાથી જ તેઓ લોકસાહિત્યનું સંપાદન કરતી વખતે માહિતીદાતા સાથે તાદાત્મ્ય અનુભવતા. એન્યુઅલ ગેધરિંગોમાં કે અન્ય સંસ્કાર કાર્યક્રમોમાં નાટક વગેરે મનોરંજન પ્રવૃત્તિઓમાં તેઓ ઉલટભેર ભાગ લેતા, એટલું જ નહિ, અભિનયમાં તલ્લીન બનીને સારી રજૂઆત કરીને તેને ન્યાય આપતા. અમરેલીમાં "બગસરા લૉજ" નામે છાત્રાલય શરૂ કરીને એમણે તેનું કરકસરયુકત સંચાલન કર્યું અને એ રીતે પોતાની વહીવટી શકિતનો પરિચય કરાવ્યો. ખડતલપણું એમના વ્યકિતત્વનો વિશિષ્ટ ગુણ છે. આ ખડતલપણું પણ બાળપણના વિવિધ સંસ્કારોનું જ પરિણામ છે. તેઓ ઉચિત રીતે જ પોતાને "પહાડનું બાળ" તરીકે ઓળખાવે છે.

કૉલેજકાળ દરમ્યાન અભ્યાસપૂરક અને અભ્યાસેતર પ્રવૃત્તિમાં સક્રિય રસ લેતા, ગીતો ગાતા, નાટકો ભજવતા અને ચર્ચાસભામાં પૂર્વતૈયારી સાથે ઉત્સાહભેર ભાગ લેતા. સ્વદેશીની પ્રવૃત્તિમાં ભાગ લેતા, એટલું જ નહિ પોતે તેનું પ્રચારકાર્ય પણ કરતા. દેશી સાબુની ઉત્તમતા ધોબીને સમજાવતા. અડધા પૈસાની અડધી ગોટી ધોબીને આપીને, તેનો પ્રતિભાવ જાણવા માટે ફરીથી આવશે એમ કહીને આગળ વધતા. મિત્રમંડળ અને તેમાં પણ ખાસ કરીને હડાળાના દરબાર શ્રી વાજસૂર વાળાનો એમના જીવનમાં કીમતી ફાળો હતો. તેઓ લોકસાહિત્યના ક્ષેત્રમાં ખેંચાયા તેનું શ્રેય શ્રી વાજસૂર વાળાને ફાળે જાય છે. એમણે કહ્યું છે કે, "એ પ્રવાહોને કળનાર પાણીકળો ઇ.સ.૧૯૨૨ માં મળી ગયો." તેઓ શ્રી વાજસૂર વાળા પાસેથી લોકકથાઓ અને તેમની દીકરીઓ પાસેથી કાઠી લગ્નગીતો સાંભળતા. 'સૌરાષ્ટ્ર' માં જોડાયા પછીના કેટલાક વર્ષો સુધી દર અઠવાડિયાના મુકરર કરેલા ત્રણેક દિવસોમાં લોકસાહિત્યની પ્રાપ્તિ માટે નિયમિત પ્રવાસ કરતા રહેલા. એમ સતત સાત-આઠ વર્ષ એમણે ક્ષેત્રકાર્ય ( Field Work ) કર્યું હતું. તે પછી તો એ ક્ષેત્રના લોકોને મેઘાણી એવા પોતીકા લાગ્યા હતા કે એમને જીવનભર સામગ્રી સામે ચાલીને મળતી રહી. જો કે તેઓ પોતાની રીતે મેળવતા પણ રહ્યા. જીવનભર એમણે વત્તેઓછે અંશે પણ સતત કોઇ એક કામગીરી કરી હોય તો તે લોકસાહિત્યના સંપાદન-વિતરણ-રજૂઆતની. પત્રકારત્વ એમાં સહાયભૂત થયું. પ્રવાસ, પરિચયો, પ્રકાશન વગેરેની સુવિધા પત્રકારત્વે કરી આપી હતી. શૈશવ, ધરમા-વહારવટિયાની પાછળ પડતા ને સાહસભર્યું જીવન જીવતા પિતા, તુલસીક્યારો પૂજતી માતા, પ્રવાસ, બચપણના મિત્રો, એમની પ્રવૃત્તિઓ, બંગાળ ને બંગાળીનો પરિચય, રાષ્ટ્રીય ચેતનાનો સ્પર્શ, પત્રકારત્વ, હડાળાના દરબાર શ્રી વાજસૂર

વાળાનો પરિચય વગેરે અસંખ્ય પરિબળોએ એમની લોકસાહિત્યની પ્રવૃત્તિને વેગવતી રાખી હતી. આમ, જોઇ શકાશે કે અનેકવિધ પરિબળો મેઘાણીભાઇને લોકસાહિત્યમાં દોરી જવા માટે નિમિત્તરૂપ બન્યાં હતાં.

તા. ૮ મી માર્ચ ૧૯૪૭ ના રોજ મેઘાણીભાઇએ બોટાદમાં પ્રાથમિક શિક્ષકોના સંઘમાં કહ્યું હતું કે, "એમને આદર્શનાં મેણાં મારશો નહિ." આ બન્યું તેના બીજા જ દિવસે, તા. ૯ મી માર્ચ ૧૯૪૭ ના રોજ વહેલી સવારે ગાયના નીરણ માટે ઊઠયા. હૃદય ઉપર દબાણ અનુભવ્યું, અને વહેલી રાતે તેમણે હૃદયરોગના હુમલાથી દેહત્યાગ કર્યો; ત્યારે કોઇ એક ક્ષેત્ર નધણિયાતું થયું હોય તો તે જાણે લોકસાહિત્યનું ક્ષેત્ર જ, એટલું ને એવું કામ એ ક્ષેત્રે એમણે કર્યું હતું. એ કારણે જ ગુજરાતી લોકસાહિત્યને ક્ષેત્રે તેઓનું પ્રદાન અલગ રીતે વિગતે અભ્યાસ કરવા જેવું - જેટલું છે.

## પાદટીપ

૧. 'છેલ્લું પ્રયાણ': ઝવેરચંદ મેઘાણી: પહેલી આવૃત્તિ-૧૯૪૭ : પૃ. ૧૨૫

૨. 'મેઘાણી ગ્રંથ-૧': સંપા. ઉમાશંકર જોશી: પહેલી આવૃત્તિ-૧૯૫૨ : પૃ. ૫

૩. 'છેલ્લું પ્રયાણ': ઝવેરચંદ મેઘાણી: પહેલી આવૃત્તિ-૧૯૪૭: પૃ. ૧૨૩

૪. – એજન – પૃ. ૧૨૫

૫. 'મેઘાણી ગ્રંથ-૧': સંપા. ઉમાશંકર જોશી: પહેલી આવૃત્તિ-૧૯૫૨ : પૃ. ૧

૬. – એજન – પૃ. ૨-૮

૭. 'કુરબાનીની કથાઓ': ઝવેરચંદ મેઘાણી: ચૌદમી આવૃત્તિ : ૧૯૬૭ : પૃ. ૫

૮. 'સૌરાષ્ટ્રના ખંડેરોમાં': ઝવેરચંદ મેઘાણી : ત્રીજી આવૃત્તિ : ૧૯૫૬ : પૃ. ૨

૯. 'કુમાર' : ૧૯૭૨-૭૩: તંત્રી-બચુભાઈ રાવત 'કસુંબલ રંગ' લેખમાળામાંથી

૧૦. 'મેઘાણી ગ્રંથ-૧': સંપા. ઉમાશંકર જોશી: પહેલી આવૃત્તિ-૧૯૫૨ : પૃ. ૧૨